# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## ગુરૂવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

### ૨૬૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા સભ્યશ્રીઓના નામોનું બેલેટ

સભાઓની તારીખવાર યાદી(કામચલાઉ)માં દર્શાવ્યા મુજબ પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર માટે છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા માટે બુધવાર, તા.૨૫/૦૩/૨૦૨૬નો દિવસ નક્કી થયો છે. આ દિવસે જે સભ્ય છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા હોય તે સભ્યશ્રીઓના નામનું બેલેટ **મંગળવાર, તા.૧૭/૦૩/૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપ સચિવ, શ્રીમતી નેહા કે. સુથારની ચેમ્બરમાં** યોજવામાં આવશે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા દરેક સભ્યશ્રીએ આ સાથે રાખેલ નમૂનામાં જરૂરી વિગત ભરી પોતાની ઈચ્છાદર્શક સૂચના **શુક્રવાર, તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ સાંજના ૦૬-૦૦ વાગ્યા** સુધીમાં આ સચિવાલયની ટેબલ શાખાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. **તે પછી મળેલી સૂચનાઓ સ્વીકારી શકાશે નહિ.**

બેલેટમાં જે સભ્યશ્રીનું નામ આવે તેમણે તેમનો પ્રસ્તાવ **શુક્રવાર, તા.૨૦/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યા** સુધીમાં આ સચિવાલયની ટેબલ શાખાને મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

બેલેટ વખતે માનનીય સભ્યશ્રીઓ હાજર રહી શકશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**